પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૩ — ૧૩ જુન, ૨૦૨૨, સોમવાર; જયેષ્ઠ સુદ - ૧૪ — પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પુલવામામાં સેના દ્વારા ૩ આતંકી ઠાર

## સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન : અથડામણમાં માર્યા ગયેલા આતંકવાદી સ્થાનિક હતા અને ત્રાસવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા

શ્રીનગર, તા.૧૨

જમ્મૂ કાશ્મીરના પુલવામામાં સુરક્ષાબળોને મોટી સફળતા મળી છે. સુરક્ષાબળોએ અહીં ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે. માર્યા ગયેલા ત્રણેય આતંકવાદી પાકિસ્તાની સંગઠન લશ્કર-એ-તૈયબા (ની) સાથે જોડાયેલા હતા.

સુરક્ષાબળોએ માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયાર દારૂ ગોળા જપ્ત કર્યા હતા. સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. જમ્મૂ કાશ્મીરના પુલવામામાં માર્યા ગયેલા ત્રણેય આતંકવાદી સ્થાનિક હોવાનું કહેવામાં આવી રહ્યું છે અને લશ્કર સાથે જોડાયેલા છે. કાશ્મીર ઝોનના પોલીસ મહાનિરીક્ષક વિજય કુમારે કહ્યું કે સુરક્ષાબળો સાથે અથડામણમાં માર્યા ગયેલા આતંકવાદી સ્થાનિક હતા અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા. સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી દીધી છે.

પુલવામામાં સુરક્ષાબળો સાથે અથડામણ દરમિયાન આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી છે.

કાશ્મીરના આઈજી વિજય કુમારે જાણકારી આપતાં કહ્યું કે આ ત્રણેય આતંકવાદી સ્થાનિક હતા અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા. તેમાંથી એક આતંકવાદીની ઓળખ જુનૈદ શીરગોઝરીના રૂપમાં કરવામાં આવી છે જે જમ્મૂ કાશ્મીરના વિશેષ પોલીસ અધિકારી રેયાઝ અહમદ થોકરની હત્યામાં સામેલ હતો. જમ્મૂ કાશ્મીરના પુલવામામાં અથડામણ દરમિયાન માર્યા ગયેલા અન્ય બે આતંકવાદીની ઓળખ પુલવામા જિલ્લાના નિવાસી ફાજિલ નજીર ભટ્ટ અને ઈરફાન આહ મલિકના રૂપમાં થઈ છે. પોલીસે જાણકારી આપતાં કહ્યું કે તેમની પાસેથી એકે ૪૭ રાઈફલ અને એક પિસ્તોલ, દારૂ ગોળા સહિત આપત્તિજનક સામગ્રી મળી આવી છે. આતંકવાદીઓ વિરૂદ્ધ સુરક્ષાબળોનું શોધખોળ અભિયાન ચાલું છે.

# રાષ્ટ્રપતિ ચૂંટણી માટે વિપક્ષી દળો સાથે વાત કરશે ભાજપ

## નડ્ડા અને રાજનાથને મળી મોટી જવાબદારી : નવા રાષ્ટ્રપતિ માટે ૧૮ જુલાઈએ મતદાન અને ૨૧ જુલાઈએ મતગણના : આ ચૂંટણીમાં ૪૮૦૯ મતદાતા

નવી દિલ્હી, તા.૧૨

જુલાઈ મહિનામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. સત્તામાં રહેલી ભારતીય જનતા પાર્ટી અને વિપક્ષી પાર્ટીઓએ તે માટે રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધુ છે. ભાજપે રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને રક્ષામંત્રી રાજનાથ સિંહને એનડીએ અને યૂપીએ સહિત તમામ દળો સાથે ચર્ચા કરવા માટે અધિકૃત્ત કર્યા છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરૂણ સિંહ તરફથી જારી અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય જનતા પાર્ટી આગામી રાષ્ટ્રપતિ ચૂંટણીને ધ્યાનમાં રાખતા જેપી નડ્ડા અને રક્ષામંત્રી રાજનાથ સિંહને વિચાર-વિમર્શ માટે અધિકૃત કર્યા છે. તે રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન અને સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધનના તમામ ઘટક દળોની સાથે તથા અન્ય રાજકીય પાર્ટીઓ અને અપક્ષની સાથે વિચાર વિમર્શ કરશે. ભાજપના બંને નેતાઓ તત્કાલ આ પ્રક્રિયા શરૂ કરશે. ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ ૨૪ જુલાઈએ સમાપ્ત થઈ રહ્યો છે.



# કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની તબિયત લથડી

## સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા : સોનિયા ગાંધીની તબિયત અત્યારે સ્થિર છે

નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને દેશની રાજધાની દિલ્હીમાં આવેલી સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાર્ટી પ્રવક્તા દ્વારા આપવામાં આવેલી જાણકારી અનુસાર, કોરોનાને કારણે થતી સમસ્યાઓને કારણે તેમને હોસ્પિટલ લઈ જવામાં આવી છે. કોંગ્રેસના પ્રવક્તા અને રાજ્યસભાના સભ્ય રણદીપ સિંહ સુરજેવાલાએ આ જાણકારી આપી છે. તેમણે ટ્વિટ કરીને આ જાણકારી આપી છે અને સોનિયા ગાંધીની તબિયત સ્થિર હોવાનું કહ્યું છે.

તમને જણાવી દઈએ કે ૨ જૂનના રોજ સોનિયા ગાંધી કોરોના સંક્રમિત થયા હોવાની જાણકારી સામે આવી હતી. સોનિયા ગાંધી કોરોના સંક્રમિત થયા એના બીજા દિવસે તેમના દીકરી પ્રિયંકા ગાંધી વાડ્રાનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. કોરોના સંક્રમિત થયા તે પહેલા સોનિયા ગાંધીએ નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી હતી. તેમાંથી પણ અમુક લોકો કોરોના પોઝિટિવ હોવાની જાણકારી મળી છે.

# દેશમાં કુલ ૮,૫૮૨ નવા કોરોનાના કેસ નોંધાયા

## દેશભરમાં ફરી વધી રહ્યો છે કોરોનાનો ખતરો : કુલ એક્ટિવ કેસની સંખ્યા પણ ૪૪ હજારને પાર પહોંચી

નવી દિલ્હી, તા.૧૨

દેશભરમાં કોરોનાની ચોથી લહેરની આશંકા વચ્ચે નવા કેસમાં સતત વધારો જોવા મળી રહી છે. આ દરમિયાન ગત ૨૪ કલાકના આંકડા પણ સામે આવ્યા છે, જેમાં ફરી એકવાર કોરોનાના કેસ ૮ હજારને પાર થઈ ગયા છે. ગત એક દિવસમાં કુલ ૮,૫૮૨ નવા કોરોનાના કેસ નોંધાયા છે, જ્યારે ચાર લોકોના મોત થયા છે. ત્યારબાદ કૂનાના કુલ એક્ટિવ કેસની સંખ્યા પણ ૪૪ હજારને પાર પહોંચી ચૂકી છે.

ગત ૨૪ કલાકમાં આવેલા ૮ હજારથી વધુ કેસ બાદ કોરોનાના એક્ટિવ કેસ ૪૪,૫૧૩ સુધી પહોંચી ગયા છે. જે એક દિવસ પહેલાં ૪૦ હજાર હતા. હવે ભારતમાં કુલ કોરોનાના કેસની સંખ્યા ૪,૩૨,૨૨,૦૧૭ સુધી પહોંચી ગઈ છે, તો બીજી તરફ કોરોનાથી અત્યાર સુધી ૫,૨૪,૭૬૧ લોકોના મોત થયા છે.

દેશમાં સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા સંક્રમણના કુલ કેસની ૦.૧૦ ટકા છે જ્યારે કોવિડ ૧૯થી સાજા થવાનો રાષ્ટ્રીય દર ૯૮.૬૬ ટકા નોંધવામાં આવ્યો છે. આંકડા અનુસાર ગત ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યામાં ૪,૧૪૩ કેસનો વધારો નોંધાયો છે. સંક્રમણ દર ૨.૭૧ ટકા નોંધાયો અને સાપ્તાહિક સંક્રમણ દર ૨.૦૨ ટકા રહ્યો. આ બિમારીથી સાજ થનાર સંખ્યા વધીને ૪,૨૬,૫૨,૭૪૩ થઈ ગઈ છે જ્યારે મૃત્યું દર ૧.૨૧ ટકા ચે. દેશવ્યાપી કોવિડ ૧૯ વેક્સીન અભિયાન હેઠળ અત્યાર સુધી ૧૯૫.૦૭ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે.

# પ્રયાગરાજમાં અટાલા મોટી મસ્જિદના ઈમામની ધરપકડ

## પોલીસ વિરુદ્ધ યુવાનોને ભડકાવી કરાવ્યો હતો હુમલો : પ્રયાગરાજ પોલીસે હિંસા ભડકાવનાર અટાલા મોટી મસ્જિદના ઇમામ અલી અહમદની ધરપકડ કરી છે

પ્રયાગરાજ, તા.૧૨

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના અટાલા વિસ્તારમાં જુમાની નમાઝ બાદ થયેલી હિંસાને લઈને પોલીસ તંત્ર એલર્ટ મોડમાં છે. પ્રયાગરાજ પોલીસને આ મામલામાં મોટી સફળતા મળી છે. પ્રયાગરાજ પોલીસે અટાલા મોટી મસ્જિદના ઈમામ અલી અહમદની ધરપકડ કરી છે. અલી અહમદે પોલીસકર્મીઓને કાફિર કરતા યુવાનોને ભડકાવ્યા હતા. ત્યારબાદ પથ્થરમારો અને આગની ઘટનાઓ બની હતી.

જાણકારી પ્રમાણે અટાલા મસ્જિદના ઈમામનું નામ પણ બબાલ કરનારમાં સામે આવ્યું હતું. તોફાન પહેલાં પોલીસે મસ્જિદના ઈમામને સૂચના આપી હતી, પરંતુ અલી અહમદે સહયોગ કર્યો નહીં.

એસએસપી અજય કુમાર પ્રમાણે બબાલ અને હિંસામાં સામેલ લોકોની ઓળખ કરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, હિંસાનો માસ્ટરમાઈન્ડ જાવેદ અહમદ ઉર્ફે પંપ છે. પ્રયાગરાજમાં ૧૦ જૂને હિંસાના મામલામાં માસ્ટરમાઈન્ડ કહેવાતા જાવેદ અહમદનું ઘર બુલડોઝરથી ધરાશાયી કરી દેવામાં આવ્યું છે.

# યુપીમાં મુખ્ય આરોપીના ઘર પર બુલડોઝર ફેરવ્યું : હિંસા સામે લાલઆંખ

## પ્રયાગરાજમાં હિંસાના મામલે યોગી સરકાર કડક : કેસના મુખ્ય આરોપી જાવેદ પંપના ઘરે બુલડોઝર કાર્યવાહી શરૂ : મોટી સંખ્યામાં પોલીસની ટુકડી ગોઠવાઈ





પ્રયાગરાજ, તા.૧૨

પ્રયાગરાજમાં હિંસાના મામલે યોગી સરકારની કડક કાર્યવાહી જોવા મળી છે. કેસના મુખ્ય આરોપી જાવેદ પંપના ઘરે બુલડોઝર કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. અત્યારે બુલડોઝર કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. અત્યારે મોટી સંખ્યામાં પોલીસની ટુકડી ગોઠવી દેવામાં આવી છે. જાવેદ પંપનો આલિશાન બંગલો છે અને થોડા સમયમાં આ બંગલાને બુલડોઝરથી ધ્વસ્ત કરી દેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે કેસની ગંભીરતાને સમજતાં મોટી સંખ્યામાં પોલીસની ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આ પહેલાં જાવેદના ઘરે નોટીસ ચોંટાડવામાં આવી હતી અને આજે ૧૧ વાગે બુલડોઝર કાર્યવાહીની સૂચના આપવામાં આવી હતી.

પીડીએ જાવેદ પંપના ઘરે નોટીસ ચોંટાડી તેને ઘર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું હતું. પોલીસ તંત્રએ જાવેદના ઘરને છાવણીમાં ફેરવી દીધું છે. બુલડોઝર પણ પહોંચી ગયું છે. બુલડોઝરે જાવેદના ઘરને ધ્વસ્ત કરવાનું શરૂ કરી દીધું છે. બુલડોઝરે જાવેદના ઘરનો પહેલો દરવાજો તોડી દીધો છે. બુલડોઝરથી જાવેદના ઘરની બાઉન્ડ્રી વોલ પણ તોડી પાડી છે. એસપી સિટીના લોકોને ઘટના સ્થળ પર જમા લોકોને દૂર કરવાની સતત અપીલ કરી રહ્યા છે. જાવેદ અહેમદનું ઘર અંદરથી બંધ છે.

# યુપીમાં ૩૦૦થી વધુની જ્યારે દિલ્હીમાં બેની ધરપકડ કરાઈ

## દિલ્હી અને યુપી પોલીસ ધરપકડ કરાયેલા લોકોની પૂછપરછ કરીને આગળની જરુરી કાર્યવાહી કરશે

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીની જામા મસ્જિદ બહાર તથા યુપી સહિત દેશભરમાં અન્ય સ્થળો પર શુક્રવારે ભાજપમાંથી બરતરફ કરાયેલા પ્રવક્તા નૂપુર શર્માના વિરોધમાં દેખાવો કરવામાં આવ્યા હતા. આ દેખાવો દરમિયાન યુપીમાં ઉશ્કેરાયેલા લોકોએ પત્થરમારો કર્યો હતો, જેના વિરોધમાં પોલીસે કાર્યવાહી કરી છે. કાયદો અને વ્યવસ્થાનો ભંગ કરનારા ૩૦૦થી વધુ લોકો સામે પોલીસે પગલા ભર્યા છે જેમાં ઉત્તરપ્રદેશમાં ૩૦૦ કેસ નોંધાયા છે, જ્યારે દિલ્હીમાં ૨ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. દિલ્હીમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે રવિવારે કરેલા કાર્યવાહી બાદ જણાવ્યું છે.

બે લોકોની સાંપ્રદાયિક સદ્ભાવનાને નુકશાન પહોંચાડવા તથા મંજૂરી વગર વિરોધ પ્રદર્શન કરવાના ગુનામાં ધરપકડ કરવામાં આવી હોવાનું દિલ્હીની જામા મસ્જિદ વિસ્તારની પોલીસે રવિવારે જણાવ્યું છે. જ્યારે ઉત્તરપ્રદેશની પોલીસે રાજ્યના અલગ-અલગ શહેરમાંથી ૩૦૦થી વધારે લોકોની તોફાન કરવા બદલ ધરપકડ કરી છે.

# રશિયા-ચીન વચ્ચે પ્રથમ હાઈવે પૂલ કાર્યરત થયો

## બંને દેશોને પૂલ ખુલવાથી વેપારને વધુ પ્રોત્સાહન મળશે


મોસ્કો, તા.૧૨

રશિયા અને ચીન વચ્ચે શુક્રવારે પહેલા હાઈવે પૂલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. બંને દેશોને આશા છે કે આ પૂલ ખુલવાથી વેપારને વધુ પ્રોત્સાહન મળશે. આ ક્રોસ બોર્ડરનું ઉદઘાટન એવા સમયે થયું છે જ્યારે મોસ્કોને યૂક્રેન પર હુમલાની સખત પશ્ચિમી પ્રતિબંધોને સહન કરવા પડી રહ્યા છે. આરઆઈએ સમાચાર એજન્સીએ જણાવ્યું કે આ રશિયન શહેર બ્લાગોવેશચેંસ્કને અમૂર નદી (હેઈલોંગજિયાંગે)ના પાર ચીની શહેર હેગે સાથે જોડે છે. આ પૂલ ફક્ત એક કિલોમીટર લાંબો છે અને તેનો ખર્ચ ૧૯ બિલિયન રૂબલ (૩૪૨ મિલિયન ડોલર) છે. શુક્રવારે આતશબાજીના પ્રદર્શન વચ્ચે બંને છેડેથી માલવાહક ટ્રકોએ લેનના પૂલને પાર કર્યો.

Education For Freedom
SINCE 2007
સૌથી વિશ્વસનીય સંસ્થા
SAHJANAND SCHOOL OF ACHIEVER
K.G. to Std-12 (Science & Commerce)
English & Gujarati Medium



સહજાનંદ સ્કુલ ઓફ એચિવર ધોરણ-૧૦નું ઝળહળતું પરિણામ
ગાંધીનગર જિલ્લામાં 5 વિદ્યાર્થીઓ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ચિલોડાના



A1 VANJARA DIVYANG 582/600
A1 DESAI RACHIT 575/600
A1 SHAH KAVYA 574/600
A1 PATEL DHYAN 573/600
A1 PATEL AARSH 568/600

ADMISSION OPEN
Academic Session For : 2022-23
K.G. TO Std - 10 (Gujarati & English Medium)
ધોરણ : 11માં કોમર્સ રાખવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડા ખાતે એડમીશન ચાલુ છે.
Std-11 & 12 Commerce
વધુ માહિતી માટે મો.7043 60 60 60
ગાંધીનગર, નરોડા, દહેગામ તથા તલોદથી માત્ર 20 મિનિટના અંતરે.
ટ્રાન્સપોર્ટ તથા હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
Location
Nr. Nayra Petrol pump, Chiloda-Himmatnagar Highway, SHIHOLI MOTI, CHILODA, GANDHINAGAR. M. 7043 60 60 60.